# અન્ય સંશોધન અને સાહિત્ય સંશોધન વચ્ચેનો ભેદ

ડૉ. સંગીતા ચૌધરી
આસિસ્ટન્ટ પ્રોફેસર,
કેન્દ્રિય વિશ્વવિદ્યાલય, ગાંધીનગર, ગુજરાત

મનુષ્યતાનું વાસ્તવિક ગૌરવ મનુષ્યના મસ્તષ્કિના વિચારોમાં અને એની સંશોધનવૃત્તિમાં રહેલું છે. સંશોધન મનુષ્ય સહિતના દરેક સજીવોની એક વૃત્તિ છે. પરંતુ અન્ય સજીવો પોતાના આહાર કેન્દ્રી સંશોધન કરે છે જ્યારે મનુષ્ય દ્વારા થતું સંશોધન જીવન અને જગતના અદ્રશ્ય નિયમોને ઉકેલવા માટેનું હોય છે ખોરાકની શોધ કરવી, ખાઇ લેવું એ નિરાંત પણે પ્રાણીજન્ય પ્રવૃત્તિ છે પરંતુ સમિષ્ટનું કલ્યાણ થઇ શકે એવાં ઉદાત્તભાવથી થતું માનવીય સંશોધન બૃહદ અર્થો ધરાવે છે. આમ તો મનુષ્યની સંશોધન વૃત્તિ પણ વસ્તુતઃ આહાર કેન્દ્રી જ હતી, પરંતુ અન્ય સજીવો એ એક જ ભૂમિકાએ અટકેલાં છે. જ્યારે મનુષ્યએ ખોરાક સંબંધી જરૂરિયાતોમાં પણ લાક્ષણિક આવિષ્કારો કરી સંશોધનની એક સુદૃઢ પરંપરા વિકસાવી અને અશક્ય લાગતાં સંશોધનો કરી માનવ જીવનશૈલીને ગરિમાપૂર્ણ બનાવી ! એટલુ જ નહીં વિજ્ઞાન ટેકનોલોજી દ્વારા જુદી જુદી પ્રશાખાઓ વિકસાવી અને સંશોધનનું શાસ્ત્ર, પધ્ધતિશાસ્ત્ર- Research methodologyની પણ રચના કરી અગ્નિ, પથ્થર, ચક્રની શોધની માનવજીવનની પ્રણાલિમાં અદભૂત પરિવર્તન આવ્યું. અગ્નિની ઉષ્માએ કાચા માંસને ખાધ્ય-યોગ્ય બનાવ્યું, એમની એ જ બાર્બક્યૂ પધ્ધતિએ આજે માઇક્રો-વેવ ઓવન જેવું યંત્ર વિકસાવ્યું છે ! આજના પ્રત્યેક યાંત્રિક ઉપકરણો અપૂર્વ છે, જે જીવનને વધુને વધુ પરિશ્રમ રહિત કરી રહ્યા છે, સમગ્ર જીવન પ્રણાલીમાં Smartness આવી ચૂકી છે જે વાસ્તવમાં આપણી સંશોધનવૃત્તિનું જ રોચક પરિણામ છે. સંશોધન એક વિશાળ વટવૃક્ષ જેટલી શાખા-પ્રશાખા ધરાવે છે, આણી સંશોધનના સ્વરૂપને સમજી લેવું આવશ્યક છે સંશોધનનો પ્રાથમિક અર્થ થાય છે-શોધવું, ખોજ કરવી, અવિષ્કાર અથવા અવિર્ભાવ કરવો. વિજ્ઞાન સંશોધનનો આરંભ શંકા અથવા પ્રશ્નથી કરે છે. આ પ્રશ્નને મથી મથી તે કશુંક શોધે છે. સંશોધનના શાસ્ત્રમાં સંશોધનને પ્રાથમિક કક્ષાએ જુદી જુદી રીતે વ્યાખ્યાયિત કરાયું છે.

૧. ઇનોવેશન >કશું ન હોત તે શોધવું

૨. ડિસ્કવર > કશુંક હતું તે શોધવું

૩. પ્રચ્છન્ન અને અમૂર્ત હતું તે શોધવું

૪. કશુંક નિયમબધ્ધ હતું, સુત્રિત હતું તે નિયમ કે સૂત્ર શોધી કાઢવું

આ રીતે સંશોધન અસ્તિત્વમાં આવે છે ખરુ ! પણ સંશોધનનું શાસ્ત્ર એટલે Research Methodology આ જ વાતને પધ્ધતિઓમાં પણ સ્વીકારે છે.

૧. પ્રગટીકરણઃ જાદૂઇ પ્રકારનું, વ્યક્તિગત અનુભવ આધારિત, ઇશ્વરીય

૨. આપ્તવચનઃ ગુરુવાક્ય પ્રમાણમ

૩. સહજસ્ફુરતાઃ ઈન્ટીયૂશન
૪. સામાન્ય બુધ્ધિ
૫. વૈજ્ઞાનિક, તાર્તિક પધ્ધતિ

અહીં મહત્વનો પ્રશ્નએ ઉપસ્થિત થાય છે કે “અન્ય સંશોધન”થી “સાહિત્ય સંશોધન” કઇ રીતે જુદું પડે છે. ? માટે પ્રથમ તો એ જાણી લેવું જરૂરી છે કે સંશોધનને વસ્તુતઃ તો વિજ્ઞાન કે તર્ક સાથે સંબંધ છે માટે અન્ય સંશોધનોથી “સાહિત્યનું સંશોધન” લાક્ષણિક રીતે જુદુ પડે છે કારણ કે, ડૉ. સુમન શાહ પોતાના સાહિત્યિક સંશોધન વિશે નામના સીમાચિન્હરૂપ ગ્રંથમાં જણાવે છે. એ મુજબ “વિજ્ઞાન તર્કથી પ્રાણવાન બને છે અને સાહિત્ય અતર્કથી” એટલે કે સાહિત્યનું સર્જન જ કલ્પનાશીલતા પર આધારિત હોય છે આથી તેનું સંશોધન વિજ્ઞાન નિબંધ રીતિઓ વડે ન થઇ શકે ! માટે જ અન્ય સંશોધનની તુલનાએ સાહિત્ય સંશોધન વિશે એમ કહી શકાય કે તે “**આનંદ અને જ્ઞાનનો મેળ પાડવાની પ્રવૃતિ છે.**” અહીંથી આપણને “અન્ય સંશોધન” અને “સાહિત્ય સંશોધન” ના ભેદને સમજવાની વાસ્તવિક દિશા પ્રાપ્ત થાય છે. સૌ પ્રથમ તો આપણેએ સ્પષ્ટ કરવું પડશે કે “અન્ય સંશોધન” એટલે શું ! સંશોધનના ત્રાજવા પર આ બે વિભાગ પાડી શકાય છે. અન્ય સંશોધન એટલે વિજ્ઞાનની શાખાઓ જેવી કે રસાયણવિજ્ઞાન, શરીરવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, અંતરિક્ષવિજ્ઞાન, જીવવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, મેડીકલ ઈજનેરી, ટેકનોલોજી અને યાંત્રિક વિજ્ઞાન તથા માનવ વિધાઓ એટલે કે Humanati નો સમાવેશ કરી શકાય જેમ કે સામાજિક વિજ્ઞાન, ઇતિહાસ, નૃવંશશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, વાણિજ્ય, મનોવિજ્ઞાન તત્ત્વજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા ભૂગોળ, ભૂસ્તશાસ્ત્ર અને પર્યાવરણીય શાસ્ત્ર.....

આ બધા ક્ષેત્રના સંશોધનોથી સાહિત્ય સંશોધન સદતર ભિન્ન છે કારણ કે અન્ય વિજ્ઞાનો શુધ્ધ વિજ્ઞાન- Pure Science છે માટે તે સંપૂર્ણપણે હેતુલક્ષી- Objective હોય છે, તેમાં આત્મલક્ષીતાનો લગભગ અભાવ રહે છે આ સંશોધનને તર્કમાંથી નીપજતા પ્રશ્નની પ્રક્રિયાના પરિણામ સ્વરૂપ ફલિત થતા “સત્ય” સાથે જ સંબંધ છે. જે “જ્ઞાન” ની માતબર ભૂમિકા રચી આપે છે, માટે એમ કહી શકાય કે અન્ય સંશોધનનો સંબંધ મામત્ર “સત્વ” કે “જ્ઞાન” સાથે છે.

સાહિત્ય સંશોધનનો સરવાળો આપણે ઉપરની રીતે નહીં કરી શકીએ કારણ કે સાહિત્યનું સર્જન જ આત્મલક્ષીમાંથી થાય છે. લેખક કે કવિની વ્યકિતગત સંવેદના કે લાગણીમાંથી એક સ્વાયત્ત વિશ્વ નીપજી આવે છે જેને આપણે “સાહિત્યકૃતિ” કહીએ છીએ, જેમાં સાહિત્યના સ્વતંત્ર નિયમો, ભાષશૈલી, પાત્રો, પ્રવિધિઓ તથા રચનાતંત્ર કાર્યરત હોય છે, વળી પાત્રોનું મનોવિજ્ઞાન, સામાજિક ભાવદશા, ઇતિહાસ અને વૈયક્તિ સ્પંદનો સંવેદનાઓ પણ રચાયેલી હોય છે. પરિણામે સાહિત્યકૃતિ એક પ્રકારની જટિલતા લઇ આપણી સામે પ્રગટ થતી હોય છે. વળી, સાહિત્યની ઉપાદાન સામગ્રી એટલે “શબ્ધ” અભિધા, લક્ષણા અને વ્યંજના જેવી વિવિધ શક્તિઓ ધરાવે છે, તો લેખક કે કવિના શબ્દો ક્યા અર્થમાં પ્રયોજાયા છે એ પણ એક રહસ્ય જ હોય છે, પરિણામે સાહિત્યનું સંશોધન અન્ય સંશોધન જેવું લગીર નથી હોતું, એ વાત જુદી છે કે આપણી યુનિવર્સિટીઝમાં થતાં સાહિત્ય સંશોધનો એ કક્ષાએ નથી પહોંચ્યા અથવા તો જવલ્લે જ પહોંચ્યા છે, પરંતુ જો બાબતને ગંભીરતાથી લેવામાં આવે તો “સાહિત્ય સંશોધન” ખરેખર “ધૂળ ધોયાની પ્રવૃત્તિ” સાબિત થાય ! અને તો જ આપણને ધૂળમાંથી મૂલ્યવાન સુવર્ણ એટલે કે “સત્ય” “જ્ઞાન”ની પ્રાપ્તિ થાય, વળી આ જ્ઞાન

પણ અંગૂલિનિર્દેશ કરી શકાય એ પ્રકારનું એટલે કે હેતુલક્ષી, વસ્તુલક્ષી જ હોવાનું ! સાહિત્ય સંશોધનનું કાર્યક્ષેત્ર પણ મર્યાદિત છે એ

૧. સિધ્ધાંત પરથી સંશોધન કે સંશોધન પરથી સિધ્ધાંત
૨. કૃતિલક્ષી સંશોધન
૩. કર્તાલક્ષી સંશોધન
૪. યુગલક્ષી સંશોધન
૫. સ્વરૂપકેન્દ્રી સંશોધન
૬. વિભાવલક્ષી સંશોધન
૭. ભાષલક્ષી સંશોધન

જેવા સાહિત્યકૃતિ સંબંધિત ક્ષેત્રને જ સ્પર્શે છે એમાં પ્રગત થતી સંવેદનાને કઇ રીત ઉકેલવી? એનો સમાજશાસ્ત્ર અભિગમ, એનો માનસશાસ્ત્રીય અભ્યાસ અને એના ભાષાકિય સંયોજનો ઉપરાંત તેની પ્રવિધિ- ટેકનિક્સનો પણ અભ્યાસ તેના કાર્યક્ષેત્રની જ સીમાઓ છે, પરંતુ સમગ્ર ચર્ચાનો સાર એ છે કે અન્ય સંશોધનો માત્ર "જ્ઞાન"ને જ કેન્દ્રમાં રાખે છે એમાં અભાવ હોય છે, જ્યારે સાહિત્ય સંશોધન જ્ઞાનની ઉપાસનાતો કરે છે, સાથોસાથ આનંદની આરાધના પણ કરે માટે જ સાહિત્ય સંશોધનને "જ્ઞાન સાથે આનંદનો મેળ પાડવાની પ્રવૃત્તિ" કહેવામાં આવે છે. સાહિત્ય સ્વયં એક સાધના છે, God gift છે. એનાં રહસ્યોને ઉકેલી એનાં સત્યને ઉજાગર કરવાનો પ્રયાસ, એની સંનિષ્ડ મથામણ જ અન્ય સંશોધનથી સાહિત્ય સંશોધનને વ્યાવર્તક રીતે જુદું પાડે છે.

**સંદર્ભ સૂચિ**

૧. કોઠારી, જયંત સાહિત્યિક તથ્યોની માવજત, પ્રકાશકઃ જયંત કોઠારી, ૨૪ નેમિનાથ નગર (સત્યકામ) સોસાયટી, સુરેન્દ્ર મંગળદાસ માર્ગ, અમદાવાદ ૩૮૦૦૧૫
૨. પરીખ, ભરત સાહિત્ય સંશોધનઃ પ્રક્રિયા અને પ્રશ્નો, શબ્દ લોક પ્રકાશન "સારસ્વત સદન" ૧૭૬૦/૧,ગાંધી માર્ગ, બાલા હનુમાન પાસે, અમદાવાદ ૩૮૦૦૦૧